eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 369
August 29, 2014

## તમામ પશુ વધશાળા/કતલખાનાઓ બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં તા.૨૧/૦૮/૨૦૧૪ ના રોજ હરીનગર કોમ્યુનિટી હોલની સામેના ભાગમાં આવેલ સ્લમ લાઈક વિસ્તારમાં ૧૦ થી ૧૨ ઘરોમાં બિન આરોગ્યપ્રદ રીતે વગર પરવાને પાણીપુરીની પુરી બનાવાતી હોવાની ફરીયાદ મળેલ. જે ફરીયાદ તેમજ હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન પાણી જન્ય રોગચાળો અટકાવવાની ઝુંબેશના ભાગરૂપે ઉધના ઝોનના આરોગ્ય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત રેલ્વે સ્ટેશન બાબત :–

મુંબઈના ખ્યાતનામ આર્કિટેકટ શ્રી રતન બોટલીબોય જેમણે ૭૦ થી વધુ રેલ્વેના પ્રોજેકટો ભારત ભરમાં કર્યા છે એમણે ૨ વર્ષ પહેલા સુરત રેલ્વે સ્ટેશનને ધ્યાનમાં રાખીને એક પ્રોજેકટ તૈયાર કર્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રીગણેશજીની મુર્તિનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવા બાબત

સુરત શહેરમાં આગામી ગણેશ ઉત્સવ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રીગણેશજીની મોટી સંખ્યામાં પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવે છે જે પૈકી મહત્તમ મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) માંથી બનાવવામાં આવે છે. આવી મૂર્તિઓનું વિસર્જન સીધુ નદીમાં કે દરિયામાં થવાના કારણે તાપી નદી તથા દરિયાનું પાણી પ્રદુષિત થાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિના પ્રદર્શનનું આયોજન બાબત :–

ગુજરાત સરકારે સમગ્ર રાજયમાં ગણેશ ઉત્સવનું પાવન પર્વ શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિઓથી યોજવાનું જાહેર કરેલ છે. જેનો લાભ રાજયના આર્ટીજન કારીગરોને રોજગારી અને પ્રોત્સાહન થકી મળી રહે તથા પર્યાવરણની પણ જાળવણી થઈ શકે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિના પ્રદર્શનનું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ" બાબત :–

ગુજરાત સરકારના "ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૨૫૦૦ થી ૩૦૦૦ અધિકારી/કર્મચારીઓને તા.૧૧/૦૮/૨૦૧૪ થી તા.૦૯/૦૯/૨૦૧૪ દરમ્યાન દરરોજ અંદાજે ૧૦૦ થી ૧૧૫ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બઢતી સહિત બદલીના હુકમ બાબત :–

સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન / ખાતામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૦૫ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢ તી સહિત બદલીના હુકમ આપવામાં આવે છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી



સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગેસ યો હોમ કરીને પડો ફતેહ છે આગે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગણેશજીની "ઈકો ફ્રેન્ડલી મૂર્તિ મેળો–૨૦૧૪" નું ઉદ્‌ઘાટન બાબત :–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ગણેશઉત્સવના પાવનપર્વ નિમિત્તે રાજયના આર્ટીજન કારીગરોને રોજગારી અને પ્રોત્સાહન મળી રહે તથા પર્યાવરણની સમતુલા જળવાય એવા ઉમદા આશયથી આયોજીત ગણેશજીની "ઈકો ફ્રેન્ડલી મૂર્તિ મેળો–૨૦૧૪" નું ઉદ્‌ઘાટન આજ રોજ કૃષ્ણકુંજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૦/૮/૨૦૧૪ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે તાલીમ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને જનજાગૃતિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૩/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "Surat City – SMART City"

વધતા જતા શહેરીકરણની સાથે સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણનીસમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટે ભારત સરકાર ધ્વારાૃસ્માર્ટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાનગરપાલિકાએ ઢોરોનો ત્રાસને ડામવા ખાસ ઝુંબેશ આદરી ૪૨ ઢોરોને પાંજરે પૂર્યા

સુરત શહેર હદ વિસ્તારમાં આવેલા કેટલાંક વિસ્તારોમાં રખડતા–ભટકતા ઢોરોનો ત્રાસ વધુ પ્રમાણમાં રહેતો હોય છે. જેના લીધે અવર–જવર કરતાં રાહદારીઓને તેમજ વાહન વ્યવહારના ટ્રાફીકમાં અડચણ ઉપસ્થિત થાય છે અને...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછાઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછાઝોનના કાપોદ્રા અને પૂણા વિસ્તારમાં"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછાઝોનના આરોગ્ય વિભાગ,ઈજનેરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનનાં એડી.સીટી ઈજનેર સાહેબશ્રી તથા મે.ડે. કમિશ્નરશ્રી (હે. એન્ડ હો.) તેમજ લિંબાયત ઝોનનાં આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર તા.૨૩/૦૮/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૭૩/એ માં આવેલ રીવેરા સોસાયટીના મંજુર પ્લાન વિરૂધ્ધ સબ પ્લોટ નં. ૨૨ ના મિલકતદારે ટી.પી. રસ્તા તરફે માર્જીનની જગ્યામાં આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટનું ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળે ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. જે આજરોજ દુર ...

વધુ માટે કલીક કરો >>>>>>

### ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના બાબત :–

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ મારફતે ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

### પર્યાવરણ મંત્રીની હાજરીમાં ૧લીએ ઉમરપાડા અને માંગરોલના વીજપ્રશ્નો અંગે 'લોકદરબાર' યોજાશે

આગામી તા.૧/૯/૧૪ના રોજ ૧૧ : ૦૦ વાગે ઉમરપાડા અને માંગરોલ તાલુકા ખાતે બપોરે ૩ : ૦૦ વાગે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના પ્રશ્નોના નિરાકરણ માટે વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને...

વધુ માટે કલીક કરો >>>>>>

### આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ શેખર ચાહુ સૂરતના ખેલાડીઓ સાથે રમી પ્રભાવિત થયા.
### ચુંનદા ખેલાડીઓની પસંદગી કરી :

સુરત જિલ્લાના તથા રાજયના ચેસ રમતના અત્યંત પ્રતિભા તથા ઉમદા ખેલાડીઓ રાજય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાનું કૌવત પ્રદર્શિત કરી શકે તેવા આશયથી ગાંધીનગરની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત ...

વધુ માટે કલીક કરો >>>>>>

### ગણેશોત્સવ દરમિયાન સૂરત જિલ્લામાં હથિયાર બંધી :

ગણેશોત્સવ દરમિયાન સૂરત જિલ્લામાં સુલેહ શાંતિ અને કમી એખલાસ ભર્યુ વાતાવરણ બરકરાર રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરનામાં દ્વારા સમગ્ર સૂરત (રૂરલ) જિલ્લામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

### ગણેશ વિસર્જનના દિવસે કીમ–કામરેજના રસ્તાથી સુરત આવનાર ભારે વાહનો હંગામી ધોરણે ડાયવર્ટ કરાયા :

ગણેશોત્સવના તહેવારને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરનામા દ્વારા નીચે જણાવ્યાનુસાર તા. ૮/૯/૧૪ના રોજ ગણેશ વિસર્જનના દિવસે સવારના ૭.૦૦ કલાકથી ૨૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### કામરેજના તાપી નદીના ગાયપગલા ઓવારે વિસર્જન કરવા પર પ્રતિબંધ :

ગણેશોત્સવ તહેવારની ઉજવણીને અનુલક્ષીને સૂરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાર એન. મકવાણા એક જાહેરનામા દ્વારા જણાવ્યું છે કે, સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં તાપી નદીના ગાયપગલા ઓવારે કોઈપણ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### મુર્તિકારો મૂર્તિ બનાવટમાં આટલી કાળજી રાખે :

પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવાના હેતુસર સુરત જિલ્લા (રૂરલ)ના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરાનામા દ્વારા ધાર્મિક પ્રસંગો દરમિયાન દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે...

વધુ માટે કલીક કરો >>>>>>

### ૨૮મીએ "ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધા"નું આયોજન :

જીવનભારતી મંડળ અને ડો.સી.ઝેડ શાહ એજયુકેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સુરત શહેરની  શાળાઓ માટે ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધાનું આયોજન આગામી તા.૨૮મીના રોજ સવારે ૯.૩૦ વાગે રંગભવન હોલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

### ગુજરાતના અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના :

ભારતીય હવામાન ખાતાની આગાહી મુજબ આગામી ૨૪.૦૦ કલાકમાં ગુજરાત રાજયના અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જેથી સંબંધિત લાયઝન અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓને...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## સુરતને 'સ્માર્ટ સીટી' બનવવાની દિશામાં સુ.મ.પા.ની પહેલ

વધતા શહેરીકરણની સાથે વધુ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને મુળભુત સમસ્યાઓના નિરાકરણ હેતુ સરકારશ્રી ધ્વારા જાહેર થયેલ 'સ્માર્ટ સીટી'ની પરિકલ્પના અન્વયે સુરત શહેરમાં પણ 'સ્માર્ટ સીટી' ની પરિકલ્પના ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## "વિશ્વ વિનાયક પ્રદર્શન" નું આયોજન બાબત :–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં "વિશ્વ વિનાયક પ્રદર્શન" નું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રદર્શનનું ઉદ્દઘાટન આજરોજ શહેરનાં પ્રથમ નાગરીક મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાનાં વરદ હસ્તે કરવામાં આવેલ. પ્રદર્શનમાં ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા, શાસક પક્ષનેતાશ્રી કિશોરભાઈ બિંદલ ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## તા.૨૫–૮–૨૦૧૪ના રોજ મળેલ રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિની સભા બાબત :–

સુરત મહાનગરપાલિકાની તા.૨૫–૮–૨૦૧૪ના રોજ મળેલ રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિની સભામાં અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર શુકલાલ પાટીલે સભામાં (૧) સુરતના તમામ ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રી ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## "ઈન્ટ્રોડકશન એન્ડ ઓરીએન્ટેશન" પ્રોગ્રામનું આયોજન બાબત :–

સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માં એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે તા.૨૫/૦૮/૧૪ થી તા.૨૮/૦૮/૧૪ સુધી "ઈન્ટ્રોડકશન એન્ડ ઓરીએન્ટેશન" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૫/૦૮/૧૪ના રોજ સ્મીમેર મેડીકલ કોલેજના ડીન ડો.કલ્પના દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## કર્મયોગી ચિંતન શિબિરનું આયોજન બાબત :–

માન.ગુજરાત સરકારશ્રીનાં ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસના કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારના અધિકારીઓ / કર્મચારીઓમાં "કર્મયોગી"ની ભાવનાં મૂર્તિમંત કરવા, તેઓનાં વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા, તેઓની ફરજ ...

[વધુ માટે કલીક કરો >>>>>>]

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૫/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ

[વધુ માટે કલીક કરો >>>>>>]

## નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૫/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૫/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ગંદકી ફેલાવનાર ૯૨ ઈશમોને નોટિસ આપી વહીવટી ચાર્જ રૂા.૨૩૫૦/– વસૂલ કરવામાં આવેલ છે. ડ્રેનેજ અંગેની ૩૫ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી વિભાગ દ્વારા ૭૩૭૭ ઘરોનો સર્વે

[વધુ માટે કલીક કરો >>>>>>]

## મેડીકલ કેમ્પ તેમજ સફાઈ ઝુંબેશનું આયોજન બાબત :–

નોર્થઝોન (કતારગામ)ખાતેનાં આરોગ્ય વિભાગ ધ્વારા ઉત્રાણ વિસ્તારમાં આવેલ ઉત્રાણ હેલ્થ સેન્ટર ખાતે તા–૨૩/૦૮/૨૦૧૪ના રોજ નોર્થઝોન(કતારગામ)ના આસી.કમિશનરશ્રી જગદીશભાઈ પટેલ ના સીધા માર્ગદર્શન હેઠળ મેડીકલ કેમ્પ તેમજ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. સદર મેડીકલ કેમ્પમાં

[વધુ માટે કલીક કરો >>>>>>]

### વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૬/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૨૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ગંદકી ફેલાવનાર ૩૯ ઈશમોને નોટિસ આપી વહીવટી ચાર્જ રૂા.૪૦૦/– વસૂલ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

### "જૈન સંવત્સરી શુભેચ્છા સંદેશ"

મેયર નિરંજન ઝાંઝમેરા, ડે.મેયર રંજન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ નિરવ શાહ, નેતા શાસક પક્ષ કિશોર બિંદલ સુરત મહાનગરમાં વસતા તમામ જૈન ભાઈ બહેનોને પર્યુષણ પર્વના સંવત્સરીના શુભ દિને હાર્દિક શુભેચ્છા અને

વધુ માટે કલીક કરો >>>>>>

### વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૭/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આજરોજ ત્રણ બાંધકામો સામે કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના–લિંબાયત)ના ફા.પ્લોટ નં.૬ માં

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૨૮.૦૮.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૭૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૪૨ ફાઈલના રૂા.૬,૨૪,૦૦૦/–રૂપિયા વસુલ લેવામાં આવેલ

વધુ માટે કલીક કરો >>>>>>

### નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

### ફુડ વિભાગની કામગીરી બાબત :–

ફુડ વિભાગનાં ફુડ ઈન્સ્પેકટર / ફુડ સેફટી ઓફિસર શ્રી જી.કે.ઉપાધ્યાયએ તા.૦૪/૦૩/૨૦૦૫ના રોજ ઠે.જુના પુના નાકા પાસેથી સંગમ કૃષિ ઓદ્યોગિક પ્રક્રિયા અને ગ્રામીણ વિકાસ સહકારી સંસ્થા, સંગમનેર, મહારાષ્ટ્ર ધ્વારા ઉત્પાદીત "સંગમ ગોલ્ડ–પાસ્ચ્યુરાઈઝ મિલ્ક" નો નમુનો સંસ્થાનાં સેલ્સમેન શ્રી શરદભાઈ સીતારામ

વધુ માટે કલીક કરો >>>>>>

## ગતિશીલ ગુજરાત

સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ ધ્વારા ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ અંતર્ગત 'મિશન મંગલમ (અર્બન) યોજના' અંતર્ગત રચાયેલ સખી મંડળોના હોદ્દેદારોને વિવિધ તબકકે મળતાં લાભો તથા સ્વસહાય

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ મારફતે ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસવાટ કરતા તમામ રહેવાસીઓ પૈકી શૌચાલય વિહોણા તમામ કુટુંબોને હાલમાં શૌચાલયની સુવિધા વિનામુલ્યે પુરી

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) માં આવેલ ટી.પી.સ્કીમ નંફર૪ (ટુંકી) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી

પ્રિ.ટી.પી.સ્કીમ નં.ર૪ (ટુંકી) માં ફા.પ્લોટ નં.૪૦ માં આવેલ પટેલ ઈન્ડ.સોસાયટી વિભાગ–ર ના સબ પ્લોટ નં.૧૧ થી ૧૪ માં આશરે ૬૪' × ૯૫' માપ વિસ્તારમાં ગ્રા.ફલોર + એક માળનું આર.સી.સી.બીમ,કોલમ, સ્લેબ તથા

વધુ માટે કલીક કરો >>>>>>

## તમામ પશુ વધશાળા/કતલખાનાઓ બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ તા.૨૨/૦૮/૨૦૧૪ થી તા.૨૯/૦૮/૨૦૧૪ સુધી તેમજ અનંત ચતુર્દશી / ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૦૮/૦૯/૨૦૧૪ ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ઉપરોકત દિવસો દરમ્યાન માંસ–મચ્છી–મટન જીવતા પશુ પક્ષીઓની કતલ તથા તેના વેચાણ પર પ્રતિબંધ રાખવાનું સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૧૪૬૦/૨૦૧૪, તા.૨૧/૦૮/૨૦૧૪ થી ઠરાવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી બાબત :

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં કાર્યક્ષેત્રમાં તા.૨૧/૦૮/૨૦૧૪ ના રોજ હરીનગર કોમ્યુનિટી હોલની સામેના ભાગમાં આવેલ સ્લમ લાઈક વિસ્તારમાં ૧૦ થી ૧૨ ઘરોમાં બિન આરોગ્યપ્રદ રીતે વગર પરવાને પાણીપુરીની પુરી બનાવાતી હોવાની ફરીયાદ મળેલ. જે ફરીયાદ તેમજ હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન પાણી જન્ય રોગચાળો અટકાવવાની ઝુંબેશના ભાગરૂપે ઉધના ઝોનના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આકસ્મીક ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આશરે ૧૫ થી ૨૦ મોટા ટોપલા અખાદ્ય પાણીપુરીનો નાશ કરાવેલ છે. અને પાણીપુરી બનાવવાનું બંધ કરાવવામાં આવેલ છે.

TOP

## સુરત રેલ્વે સ્ટેશન બાબત :–






મુંબઈના ખ્યાતનામ આર્કિટેકટ શ્રી રતન બોટલીબોય જેમણે ૭૦ થી વધુ રેલ્વેના પ્રોજેકટો ભારત ભરમાં કર્યા છે એમણે ૨ વર્ષ પહેલા સુરત રેલ્વે સ્ટેશનને ધ્યાનમાં રાખીને એક પ્રોજેકટ તૈયાર કર્યો હતો.

મેયરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી.આર.પાટીલની ભારત સરકારના રેલ્વે મંત્રીશ્રી સાથેની દિલ્હી ખાતેની મુલાકાતમાં ચર્ચા દરમ્યાન સુરત રેલ્વે સ્ટેશનની સ્વચ્છતા અને યાર્ડની જગ્યાના ડેવલપમેન્ટ માટે સુરત મહાનગરપાલિકા તૈયારી દર્શાવે એવી વાતો થઈ હતી અને સુરત રેલ્વે સ્ટેશનની વ્યવસ્થાને ધ્યાનમાં રાખી એક પ્રેઝન્ટેશન તૈયાર કરવાની જવાબદારી રેલ્વે મંત્રીશ્રી તરફથી આપવામાં આવી હતી.

આ ઉપરોકત વિષયને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલ એક પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યુ હતું. જેમાં રોજના બે લાખ વ્યકિતઓ સુરત રેલ્વે સ્ટેશને આવતા હોય તેઓની દરેક જરૂરીયાતો જેવીકે, પાર્કીગ, રેસ્ટરૂમ, ફુડ પ્લાઝા, મેડીકલ રૂમ તેમજ પૂર્વ–પશ્ચિમ તરફ જવા આવવાની સુવિધાઓ પુરી પાડવા ઉપરાંત પી.પી.પી. ધોરણે ખર્ચને પહોંચી વળવા માટે મલ્ટીસ્ટોરી ઓફિસ અને શોપીંગ કોમ્પ્લેક્ષ બનાવી આધુનિક સુરત રેલ્વે સ્ટેશનનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યુ હતું.

સદર પ્રેઝન્ટેશનમાં મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મ્યુનિ. કમિશ્નરશ્રી, ધારાસભ્યશ્રીઓ શ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી અજયભાઈ ચોકસી, શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા, શ્રી હર્ષ સંઘવી, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી રાજાભાઈ પટેલ, શ્રી જનકભાઈ પટેલ, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવ શાહ, નેતાશ્રી શાસક પક્ષશ્રી કિશોરભાઈ બિંદલ, નેતાશ્રી પ્રતિ પક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ સોલંકી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, દંડક શાસક પક્ષશ્રી મનોજભાઈ લોટવાલા, દંડક પ્રતિ પક્ષ શ્રી નીતીનભાઈ ભરૂચા, મ્યુ.કમિશ્નરશ્રી તથા અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.

પ્રેઝન્ટેશન જોયા બાદ હાજર રહેલા રાજકીય મહાનુભાવો અને અધિકારીશ્રીઓએ એમના સુચનો રજુ કરી બને એટલી ઝડપથી પ્રેઝન્ટેશન રેલ્વે મંત્રીશ્રી, ભારત સરકારને બતાવી કામ શરૂ કરવાની તત્પરતા દાખવી હતી.

TOP

## શ્રીગણેશજીની મુર્તિનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવા બાબત

સુરત શહેરમાં આગામી ગણેશ ઉત્સવ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રીગણેશજીની મોટી સંખ્યામાં પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવે છે જે પૈકી મહત્તમ મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી.) માંથી બનાવવામાં આવે છે. આવી મૂર્તિઓનું વિસર્જન સીધુ નદીમાં કે દરિયામાં થવાના કારણે તાપી નદી તથા દરિયાનું પાણી પ્રદુષિત થાય છે. સદર બાબતે સ્થાનિક આગેવાનો અને મંડળો તરફથી રજુઆત થયેલ છે. તાપી નદીના પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણની જાળવણીના હેતુ સર સેન્ટ્રલ પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડની માર્ગદર્શિકા મુજબ ગત વર્ષે પ્રાયોગિક ધોરણે ડુમસ, કાંદી ફળિયા ખાતે કૃત્રિમ તળાવનું આયોજન કરી શ્રીગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવેલ હતું.

ચાલુ વર્ષ પણ પી.ઓ.પી.ની મૂર્તિનું વિસર્જન કૃત્રિમ તળાવમાં થાય તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોનોમાં નીચે જણાવેલ જગ્યાઓએ ૧૦ જેટલા કૃત્રિમ તળાવ બનાવવાની કાર્યવાહી ચાલુ કરેલ છે. તમામ તળાવો સુધી પહોંચતા રસ્તાઓ પાકા બનાવવા અને લાઈટીંગ, બેરીકેટીંગ વિગેરેની વ્યવસ્થા પણ મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર છે. સદર તમામ સવલત સહિતના કૃત્રિમ તળાવોનું કામ ટુંક સમયમાં પૂર્ણ થનાર છે.

| અ.નં. | ઝોનનું નામ | વિસ્તાર | સાઈઝ | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અઠવા ઝોન | ડુમસ, કાંદી ફળિયા | ૫૫.૦૦ મીટર × ૧૦.૦૦ મીટર | ૦૧ |
| | | | ૧૯.૫૦ મીટર × ૦૭.૩૦ મીટર | ૦૧ |
| | | | ૮.૦૦ મીટર × ૫.૮૦ મીટર | ૦૧ |
| ૨ | રાંદેર ઝોન | પાલ હજીરા રોડ, આર.ટી.ઓ ઓફિસ નજીક | ૫૦.૦૦ મીટર × ૯.૦૦ મીટર | ૦૧ |
| ૩ | કતારગામ ઝોન | ટી.પી.સ્કીમ નં.૨૫ (સીંગણપોર) ફાયનલ પ્લોટ નં.૧૧૦ | ૫૦.૦૦ મીટર × ૧૫.૦૦ મીટર | ૦૧ |
| ૪ | સેન્ટ્રલ ઝોન | ડકકા ઓવારા–મેરી ટાઈમ બોર્ડની ઓફિસની બાજુમાં | ૨૫.૦૦ મીટર × ૧૦.૦૦ મીટર | ૦૨ |
| ૫ | વરાછા ઝોન | ટી.પી.સ્કીમ નં.૨૧ (સરથાણા– સિમાડા) ફાયનલ પ્લોટ નં.૯૮ | ૩૫.૦૦ મીટર × ૧૫.૦૦ મીટર | ૦૧ |
| ૬ | લીંબાયત ઝોન | ટી.પી.સ્કીમ નં.૬૨, ફાયનલ (ડીંડોલી– ભેસ્તાન– ભેદવાડ) પ્લોટ નં.૪ ડીંડોલી આદર્શ પ્રાથમિક શાળા નજીક | ૫૦.૦૦ મીટર × ૧૦.૦૦ મીટર | ૦૧ |
| ૭ | ઉધના ઝોન | ટી.પી.સ્કીમ નં.૨૨ (ભેસ્તાન) ફાયનલ પ્લોટ નં.૭૧ | ૭૦.૦૦ મીટર × ૪૦.૦૦ મીટર | ૦૧ |

આથી સુરત શહેરનાં તમામ ગણેશ ઉત્સવ આયોજકોને, ગણેશજીની સ્થાપના કરતા નાગરિકો / મંડળો વિગેરેને જાહેર અપીલ કરવામાં આવે છે કે તાપી નદી અને દરિયામાં થતા પ્રદુષણને અટકાવવા તેમજ પર્યાવરણનાં રક્ષણ માટે પી.ઓ.પી.માંથી બનાવેલ શ્રીગણેશજીની મૂર્તિઓનુ વિસર્જન ઉપર જણાવેલ કૃત્રિમ તળાવોમાં જ કરવા વિનંતી કરવામાં આવે છે.

ઈકો ફ્રેન્ડલી તથા માટીમાંથી બનાવેલ શ્રીગણેશજીની મૂર્તિઓનુ વિસર્જન તાપી નદી તથા દરિયામાં કરી શકાશે.

તમામ કૃત્રિમ તળાવોમાં મૂર્તિ વિસર્જન માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચાર્જ વસુલ લેવામાં આવશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

TOP

## શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિના પ્રદર્શનનું આયોજન બાબત :–

ગુજરાત સરકારે સમગ્ર રાજયમાં ગણેશ ઉત્સવનું પાવન પર્વ શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિઓથી યોજવાનું જાહેર કરેલ છે. જેનો લાભ રાજયના આર્ટીજન કારીગરોને રોજગારી અને પ્રોત્સાહન થકી મળી રહે તથા પર્યાવરણની પણ જાળવણી થઈ શકે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા શ્રી ગણેશજીની ઈકો–ફ્રેન્ડલી મૂર્તિના પ્રદર્શનનું આયોજન અઠવા ઝોન–કુષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતેનાં ૫૦ સ્ટોલમાં તથા રાંદેર ઝોન–જયોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં પાર્ટી પ્લોટ ખાતેના ૫૦ સ્ટોલમાં તા.૨૫/૦૮/૨૦૧૪ થી ૨૯/૦૮/૨૦૧૪ સુધી રાખવામાં આવેલ છે.સ્ટોલમાં ઈકો–ફ્રેન્ડલી ગણપતિ સિવાય ઉત્સવને અનુરૂપ અન્ય વસ્તુઓ જેવી કે પૂજા નો માલ–સામાન, દીવા–બત્તી, પ્રસાદ,ડેકોરેશન અને હસ્તકલાની બનાવટોના વેચાણ મહિલાઓ દ્વારા કરવામાં આવશે. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

TOP

## "ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ" બાબત :–




ગુજરાત સરકારના "ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૨૫૦૦ થી ૩૦૦૦ અધિકારી/કર્મચારીઓને તા.૧૧/૦૮/૨૦૧૪ થી તા.૦૯/૦૯/૨૦૧૪ દરમ્યાન દરરોજ અંદાજે ૧૦૦ થી ૧૧૫ અધિકારી/કર્મચારીઓની કર્મયોગી તાલીમ આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા અન્ય મહાનુભાવોના વરદ્હસ્તે દીપ પ્રાગટય કરી કર્મયોગી તાલીમ શિબીરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કર્મયોગી તાલીમ શિબિરમાં મુખ્યત્વે મોટીવેશન,સ્ટ્રેશ મેનેજમેન્ટ,પ્રજા સાથે સદવ્યવહાર,હકારાત્મક અભિગમ,આર.ટી.આઈ એકટ,સીટીઝન ચાર્ટર એકટ,એબીસીડી રેકર્ડ મેનેજમેન્ટ,ઈન્ટર ડીપાર્ટમેન્ટ,કો–ઓર્ડીનેશન અને માઈન્ડ પાવર વિગેરે વિષયો આવરી લઈ કર્મચારીઓમાં કર્મયોગી ભાવના મૂતિમંત કરવા તેમજ તેઓના વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા અને તેમની કામગીરી વધુ પરિણામલક્ષી બનાવવા કર્મયોગી તાલીમ શિબિરનું આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવેલ છે. સદર તાલીમમાં તા.૨૧/૦૮/૨૦૧૪ સુધીમાં ૮૩૬ કર્મચારી/અધિકારીઓને કર્મયોગીની તાલીમ આપવામાં આવી છે આ કાર્યક્રમ તા.૧૧/૦૯/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

TOP

## બઢતી સહિત બદલીના હુકમ બાબત :–

સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન / ખાતામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૦૫ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢતી સહિત બદલીના હુકમ આપવામાં આવે છે.

શ્રી નિખિલકુમાર એસ. પરમાર, શ્રી ઠાકોરભાઈ એ. દેસાઈ શ્રી પ્રવિણચંદ્ર એ. ગજજર શ્રી ઉમેશ પી. પાઠક શ્રી મહેશ જી. પટેલ

સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન / ખાતામાં સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૧૨ કર્મચારીઓને બઢતી સહિત બદલીના હુકમ આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી કનુભાઈ આર. લીંમાચીયા | શ્રી સંજયકુમાર એમ.સુતરીયા | શ્રી અનિલકુમાર એન. પટેલ |
| શ્રી મુકેશકુમાર કે.પટેલ | શ્રી સુધીરકુમાર એ. પટેલ | શ્રી જતીનકુમાર એસ.રાણા |
| શ્રી નીતીનકુમાર એમ. પટેલ | શ્રી ઉમેશભાઈ એમ.પટેલ | શ્રી નરેન્દ્રસિંહ યુ. ચૌહાણ |
| શ્રી નિમેશકુમાર જે.વ્યાસ | શ્રી પ્રવિણચંદ્ર કે. શર્મા | શ્રી કમલેશ કે. હિરાણી |

સુરત મહનાગરપાલિકામાં વર્ગ–૪ ના કર્મચારીઓને ધોલાઈ ભથ્થુ રૂ.૩૦/– ને બદલે રૂ.૬૦/– ચુકવવાનું મંજુર કરવામાં આવે છે.

TOP

# કવિશ્રી નર્મદ જન્મ જયંતિ ઉજવણી





સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગેસ યો હોમ કરીને પડો ફતેહ છે આગે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિશ્રી નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચોકબજાર, ગાંધીબાગ, સુરત ખાતે કવિશ્રી નર્મદને વંદના સહ ભાવાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસર શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. ત્યાર બાદ ગ્રીન સીટીના અભિયાન અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યુ હતું.

સુરત મહાનગરપાલિકા સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર રહ્યું છે. એ અનુલક્ષીને સુરતના સપૂત એવા વીર કવિ નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસોન ઉજાગર કરવા  વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે કવિ નર્મદના આમલીરાન સ્થિત મકાનની પ્રતિકૃતિ 'નર્મદ ભવન' બનાવવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી ગ્રાંટ ફાળવવાનું નકકી કરેલ,  તે પૈકી રૂા.૧૧,૦૦,૦૦૦/–નો ચેક માન.મુખ્યમંત્રીશ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડો.દક્ષેશ ઠાકરને અર્પણ કર્યો હતો. 'નર્મદ ભવન'માં કવિશ્રી નર્મદ વિશેનું સાહિત્ય, હસ્ત લિખિત હસ્તપ્રતો, ચીજ વસ્તુઓ વગેરેનું કાયમી પ્રદર્શન થકી વિધાર્થીઓ, સંશોધકો તેમજ દેશ વિદેશથી યુનિવર્સિટીની મુલાકાતે આવનારા મુલાકતીઓ નર્મદનું જીવન જાણી શકશે અને સુરતની સંસ્કૃતિનો વારસો જળવાઈ શકશે.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના ''જય જય ગરવી ગુજરાત'' અને બીજા શૌર્યગીત ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

TOP

## ગણેશજીની "ઈકો ફ્રેન્ડલી મૂર્તિ મેળો–૨૦૧૪" નું ઉદ્‌ઘાટન બાબત :–



ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ગણેશઉત્સવના પાવનપર્વ નિમિત્તે રાજયના આર્ટીજન કારીગરોને રોજગારી અને પ્રોત્સાહન મળી રહે તથા પર્યાવરણની સમતુલા જળવાય એવા ઉમદા આશયથી આયોજીત ગણેશજીની "ઈકો ફ્રેન્ડલી મૂર્તિ મેળો–૨૦૧૪" નું ઉદ્‌ઘાટન આજ રોજ કૃષ્ણકુંજ પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ સુરત ખાતે સવારે ૯:૦૦ કલાકે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતુ. આ મેળામાં સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૦ જેટલા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો તા.૨૫/૦૮/૨૦૧૪ થી તા.૨૯/૦૮/૨૦૧૪ દરમ્યાન સવારે ૧૦:૦૦ કલાકથી રાત્રે ૧૦ : ૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે. આ મેળામાં કારીગરોએ બનાવેલ ગણેશજીની વિવિધ પ્રકારની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું વેચાણ કરવામાં આવશે.

આ ઉદ્‌ઘાટનવિધિ પ્રસંગે માન.સાંસદશ્રી સી.આર.પાટીલ માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, માન.શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિન્દલ, માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, માન.કલેકટરશ્રી ડાૅ.રાજેન્દ્રકુમાર, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહી આજના આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડયો હતો.

TOP

# વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૦/૮/૨૦૧૪ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે તાલીમ કાર્યક્રમ





સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓના આચાર્યો અને શિક્ષકોને મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા માટેનો એક તાલીમ કાર્યક્રમ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૦/૮/૨૦૧૪ નાં રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ હતો. સદર તાલીમમાં શહેરની નામાંકિત શાળાઓ તથા નગર પ્રાથમિક શાળાઓના આશરે ૨૦૦૦ જેટલા આચાર્યો અને શિક્ષકો હાજર રહેલ હતા.

તાલીમ શિબિરમાં મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, હોસ્પીટલ સમિતિ ચેરમેનશ્રી ડો.રવિન્દ્રભાઈ પાટીલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનશ્રી અતુલભાઈ પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં શાસનાધિકારીશ્રી હિતેશભાઈ માખેચા, વિરોધ પક્ષનાં નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી વિગેરે મહાનુભાવો હાજર રહયા હતા. ઉપરોકત મહાનુભાવોનું આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ દ્વારા સ્વાગ પ્રવચન કરી સમ્માન કરવામાં આવેલ. આ તાલીમ શિબિરમાં માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ આરોગ્ય વિભાગની ટીમ અને તેમની કામગીરીને બીરદાવી શહેરને રોગમુકત કરવા એક માસ નહી પરંતુ પુરા વર્ષ દરમ્યાન ડેંગ્યુ વિરોધી ઝુંબેશમાં જોડાવા ઉપસ્થિત સૌને અપીલ કરેલ. આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાળાએ તેમના પ્રવચનમાં આરોગ્ય વિષયક રાજય સરકારની વિવિધ યોજનાઓની સવિસ્તાર માહિતી આપેલ, હોસ્પીટલ સમિતિ ચેરમેનશ્રી ડો. રવિન્દ્રભાઈ પાટીલે શહેરનાં શિક્ષકોનો આભાર માની શહેરને રોગમુકત કરવા અપીલ કરેલ હતી.

ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ દ્વારા સમગ્ર કાર્યક્રમની પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા મચ્છરજન્ય રોગ વિષે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયાએ ઉપસ્થિત સૌનો કાર્યક્રમમાં હાજર રહેવા તથા પોતાનો અમૂલ્ય સમય ફાળવેલ તે બદલ આભાર માન્યો હતો.

**TOP**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૩/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૭૬૭૯ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૮૫૭૯ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૫૦૨ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૬૧૫૬ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૧૫ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૧૫ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૧૮ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૪૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૫૯ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૯ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૧૩ નોટિસો આપવામાં આવી અને ૨૮૧૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## “Surat City – SMART City”

વધતા જતા શહેરીકરણની સાથે સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણનીસમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટે ભારત સરકાર ધ્વારા"સ્માર્ટ સીટી" બનાવવા અંગે પરીકલ્પના જાહેર કરવામાં આવેલ છે.જે અંતર્ગત **“Surat City – SMART City”** અંગે પ્રથમ વર્કશોપ આવતી કાલે નર્મદ લાયબ્રેરી ખાતેનાકોન્ફરન્સ હોલમાં મા.કમિશનરશ્રીનાઅધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવેલ છે.

સદરહુ વર્કશોપનો મુખ્ય ઉદેશ્ય સરકાર ધ્વારા"સ્માર્ટ સીટી"ની રૂપરેખા/કન્સેપ્ટ નકકી કરેલ છે તે મુજબ કઈ રીતે અને કેટલા તબકકામાં કામગીરી કરી શકાય તે અંગેનાએકશનપ્લાનસંદર્ભેપ્રાથમિક ચર્ચાનોછે.

કોઈપણસ્માર્ટ શહેર માટે ત્રણ મુખ્ય ફીચર્સ- Competitiveness, Sustainability અનેCapital હોવા જરૂરી છે.વધુમાંસ્માર્ટશહેરનીપરિકલ્પનાનામુખ્યઆધાર સ્તંભ ગવર્નન્સ,ઈન્ફ્રાસ્ટ્રકચર અને સોશિયલ સર્વિસ હોય છે અને આ તમામના મધ્યમાં શહેરી નગરજનો હોય છે.

**SMART City**ના કન્સેપ્ટ માટે જુદા-જુદા વિષયોજેવા કે વોટર સપ્લાય, ડ્રેનેજ સીસ્ટમ, સોલીડવેસ્ટમેનેજમેન્ટ, અર્બનટ્રાન્સપોર્ટ, વિ. સેવાઓ અને અન્ય એકટીવીટીઓનેસુદ્રઢઅને ઈન્ટીગ્રેટકરી શહેરનાનાગરીકોને કેટલી સરળતાથી આ સેવાઓ પુરી પાડી શકાય તથા તેઓની મુશ્કેલીઓનુંનિરાકરણ લાવી શકાય તેમજ સેવાઓને વધુ નાગરીકલક્ષીબનાવી ઉચ્ચ ગુણવત્તાસાથે ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુ રહેલ છે.

**SMART City**કન્સલ્ટેશનવર્કશોપમાં સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તથાવિકસીત દેશોના આ પ્રકારના વિષય વસ્તુનું જ્ઞાન ધરાવતા જુદા જુદાવિષયનાઙ તજજ્ઞો સાથે સેપ્ટયુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઅને ગાંધીનગર ગવર્નમેન્ટએન્જીનીયરીંગ કોલેજના એક્સપર્ટફેકલ્ટી હાજર રહેનાર છે. તેઓના સુચનો અને મંતવ્યો સુરત શહેરને **SMART City** બનાવવા માટેના એકશનપ્લાન માટે ઉપયોગી થઈ શકશે.

**TOP**

<u>Surat City: SMART City</u>

# List of Participants

- **SMC : SMART City Cell**
- **YogeshLavingia**
  - M.S. in Mechanical Engineering, Industrialist
  - Technology Areas: Engineering Innovations, Indigenous Machinery Design
- **Dr. Vikram Patel**
  - Ph.D. in Civil Engineering, Principal at SVBIT Engineering College, Gandhinagar
  - Technology Areas: Structural engineering, Earthquake engineering, Tsunami engineering, Non-engineered Building design
- **Dr. Hitesh Chhinkaniwala**
  - Ph.D. in Computer Engineering
  - Technology areas: Data Mining, Opinion Mining, Sentiment Analysis, Statistical Analysis and Information Security
- **Dr. Ashish Jani**
  - Ph.D. in Computer Science
  - Technology Areas: Cellphone Applications, ICT, Embedded Electronics
- **Haren Shah**
  - M.S. in Electrical Engineering, Industrialist
  - Technology Areas: ICT, e-Governance
- **Parth Shah**
  - B.S. in Computer Engineering, Industrialist
  - Technology Areas: ICT, Embedded Systems
- **Dr. Priti K. Garg**
  - MPA, Ph.D. LL.M.
  - Professor & Head, Department of Public Administration
- **Prof. (Dr.) Renuka Garg**
  - Ph.D., MBA, L.L.B., B.Sc., FDP(IIMA)
  - Dean of Management Faculty
- **Tushar Dave**
  - PGDCA& MBA
  - Technology Areas: Software Application Development
- **Ms. MeenazePatalwala**
  - MBA
  - Area: Finance and Education Sector

- **TOP**

## મહાનગરપાલિકાએ ઢોરોનો ત્રાસને ડામવા ખાસ ઝુંબેશ આદરી ૪૨ ઢોરોને પાંજરે પૂર્યા

સુરત શહેર હદ વિસ્તારમાં આવેલા કેટલાંક વિસ્તારોમાં રખડતા–ભટકતા  ઢોરોનો ત્રાસ વધુ પ્રમાણમાં રહેતો હોય છે. જેના લીધે અવર–જવર કરતાં રાહદારીઓને તેમજ વાહન વ્યવહારના ટ્રાફીકમાં અડચણ ઉપસ્થિત થાય છે અને કેટલીક વાર ગમખ્વાર અકસ્માતો પણ થતા હોય છે. સદરહું બાબત ધ્યાને લઈ આવા વિસ્તારોમાં રખડતા  ઢોરોના ત્રાસને અંકુશમાં લેવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા–શહેર પોલીસે તા.૨૫/૦૮/૨૦૧૪નાં રોજ સંયુકત ઝુંબેશ આદરી કાપોદ્રા, પૂણા અને ભકિતનગર, કાપોદ્રા–ઉત્રાણ બ્રીજનો વિસ્તાર, સ્પીનીંગમીલ પાછળ મરઘાકેન્દ્ર, લક્ષ્મણનગર, દિનદયાળ વસાહત અને પૂણા સીમાડા બીઆરટીએસ રૂટ પરથી રખડતા  ઢોર નંગ–૪૨ ને પકડી મહાનગરપાલિકાના  ઢોર–ડબ્બામાં પૂરેલ. મહાનગરપાલિકાએ નજીકના દિવસોમાં પૂરતો પોલીસ બંદોબસ્ત મેળવી જાહેર રસ્તાઓ ઉપર રખડતા – ભટકતા તેમજ બાંધેલા ઢોરોના કુખ્યાત વિસ્તારમાં ત્રાટકવાનું તેમજ  ઢોરોને જાહેર રસ્તા ઉપર ભટકતા છોડી મુકનાર ઢોર માલિકો સામે ઈન્ડીયન પીનલ કોડ ૨૮૯ અને સીઆરપીસીની કલમ ૧૩૩ હેઠળ કાયદાકીય શિક્ષા થાયનું આયોજન કરી રહેલ હોવાનું મહાનગરપાલિકા એ એક યાદીમાં જણાવ્યુ છે.

ઉપરાંત ઢોર –માલિકો તેમના કબ્જા હેઠળના ઢોરોની જાહેર રસ્તાઓ અને અંતરીયાળ શેરીઓમાં રખડતા–ભટકતા મૂકે / મૂકાવે નહીં ની તાકીદ પણ કરવામાં આવી છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી બાબત :–

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછાઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછાઝોનના કાપોદ્રા અને પૂણા વિસ્તારમાં''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછાઝોનના આરોગ્ય વિભાગ,ઈજનેરી વિભાગ,ગુમાસ્તાધારા વિભાગ તથા આકારણી વિભાગના ૨૦૪ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૧૫૯ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૪૯.૫ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકની સફાઈ,૧૨ આંગણવાડીઓની સફાઈ,૧૯ શૈક્ષણિક સંસ્થાની સફાઈ,૫ ધાર્મિક સ્થાનોની સફાઈ,૩ ખુલ્લા પ્લોટની સફાઈ,બિન આરોગ્યપ્રદ શાકભાજી ૭ કિલો ગ્રામનો નાશ,૩ ટ્રાફિક સર્કલની સફાઈ,૫ રેસ્ટોરન્ટ ચેક કરી ૭ કિલો ગ્રામ અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રચારગાડી મારફત (૧)વિરાટનગર સોસાયટી (૨)સંતોષીનગર સોસાયટી (૩) વિઠ્ઠલનગર સોસાયટીઓમાં જનજાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરાવવામાં આવેલ છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૧ જેટલી સફાઈ,ડ્રેનેજ ઓવરફલો ૧૨ તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૧૯ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી તથા વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ વિભાગ દ્વારા ૨૨૧૯ ઘરોમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી કુલ ૮ બ્રિડીંગનું નાશ કરવામાં આવેલ. મચ્છરની ઉત્પતિ અટકાવવા ૦૪ બાંધકામો તેમજ રેસીડેન્સીયલ યુનિટોમાં ૮૧૪ પાણીની ટાંકીઓ ચેક કરવામાં આવી, ઘરોનો સર્વે કરાવી ૮૫ સ્લાઈડ લેવાની, ૦૫ નોટીસ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ ૧૧ ઈસમો પાસે ૨૦૫૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. બાંધકામમા ૦૧ જગ્યાએ માછલી મુકવાની કામગીરી કરવામાં આવેલ. તથા ૨૧ જેટલા ટાયર,કેરબા,ડબ્બા વિગેરે નકામી વસ્તુઓનો નિકાલ કરાવવામાં આવેલ છે. તથા ૦૪ કી.ગ્રા.દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૦૨ બિલ્ડીંગ મટીરીયલના ઢગલાઓનો નિકાલ કરાવેલ છે. તથા બે શાંતિકુંજની આજુબાજુની સફાઈની કામગીરી કરેલ છે.

ઉપરોકત કામગીરી ઉપરાંત દબાણ વિભાગ દ્વારા ૧૨ લારી ગલ્લા ઉપાડાવી દબાણ દૂર કરવાની કામગીરી, ૨૭.૫ રનીંગ મીટર વોટર ટેબલ રીસેટ કરવાની કામગીરી, ૩૭૨.૨૨ ચો.મી. પેચવર્કની કામગીરી, ૦૮ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ૦૧ મેન હોલ સ્ટ્રોમ ડ્રેનેજ સફાઈની કામગીરી, ૧૦ કલોરીન ટેસ્ટ કરવાની કામગીરી કરાવવામાં આવી. આ ઝુંબેશમાં ૧૪ સ્ટ્રીટ લાઈટ પોલને ચાલુ કરાવવામાં આવેલ છે.

ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા ૨૩૩ સંસ્થાની ચકાસણી કરી રૂા.૭૭૫૦૦/– પ્રોફેશનલ ટેક્ષની વસુલાત કરવામાં આવેલ તેમજ ગુમાસ્તા ધારા હેઠળ રૂા.૩૫૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી.

સમગ્ર અભિયાન દરમિયાન ૬૭ ઈસમોને નોટીસ આપવાની તથા ૧૨૧ ઈસમો પાસેથી રૂા.૧૭૦૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ઈજનેરી સ્ટાફ તેમજ સાધન સામગ્રી સાથે કરવામાં આવેલ છે.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનનાં એડી.સીટી ઈજનેર સાહેબશ્રી તથા મે.ડે. કમિશ્નરશ્રી (હે. એન્ડ હો.) તેમજ લિંબાયત ઝોનનાં આસી.કમિશ્નરશ્રીની સુચના અનુસાર તા.૨૩/૦૮/૧૪ નાં રોજ લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગની ટીમ બનાવી સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૬૪૦/૨૦૧૪, તા.૨૧/૦૮/૨૦૧૪ અંતર્ગત લિંબાયત ઝોનનાં સમગ્ર વિસ્તારમાં આવેલ માંસ/ મચ્છી / મરઘીનું મટન વેચતી સંસ્થા /ઈસમનાં સ્થળે અત્રેનાં ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકની બનેલ કુલ–૦૪ (ચાર) ટીમો દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું. હતું.

આ કામગીરી દરમ્યાન માંસ/ મટન / મચ્છી ની કુલ –૬૭ સંસ્થાઓનું ચેક કરવામાં આવી હતી. જેમાં પરવાનાવાળી –૪૩ સંસ્થાઓ બંધ માલુમ પડી હતી. તેમજ વગર પરવાનાવાળી દુકાનો / લારી ચેક કરતાં કુલ–૧૦ સંસ્થાઓમાં વેચાણ ચાલુ હોવાથી બંધ કરાવવામાં આવી હતી અને કુલ રૂા.૨૨૦૦/– નો વહીવટીચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

વધુમાં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ ઉમરવાડા–૧ ના કાર્યક્ષેત્રમાં આવેલ મટન/ બીફ માર્કેટ બંધ રખાવી, ઝોન દ્વારા તેમાં રીપેરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ આ સમયગાળા દરમ્યાન આ પ્રકારની ઝુંબેશ અત્રેથી ચાલુ રાખવામાં આવશે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી.

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૭૩/એ માં આવેલ રીવેરા સોસાયટીના મંજુર પ્લાન વિરૂધ્ધ સબ પ્લોટ નં. ૨૨ ના મિલકતદારે ટી.પી. રસ્તા તરફે માર્જીનની જગ્યામાં આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટનું ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળે ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. જે આજરોજ દુર કરવામાં આવેલ છે. આજ સોસાયટીના સબ પ્લોટ નં. ૨૩ ના મિલકતદારે ના ગ્રાઉન્ડ ફલોર પર આશરે ૯૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ કરેલ જે પણ આજરોજ દુર કરવામાં આવેલ છે. ઉકત મિલકતદારો પાસેથી રૂા. ૪૨૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા–ઉત્રાણ), ફા.પ્લોટ નં. ૧૧૦ ના મિલકતદાર દ્વારા મંજુરી લીધા વગર સાઈટ ઓફીસ બનાવવાના ઈરાદે આશરે ૨૦' × ૧૫' માપ વિસ્તારમાં ચણતરની દિવાલો લઈ ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ જે દુર કરી રૂા. ૧૦૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

(૩) ધનિષ્ઠ દબાણ હટાવ ઝુંબેશના કાર્યક્રમ અંતગર્ત વરાછા મેઈન રોડ બરોડા પ્રિસ્ટેજ, ધારૂકા કોલેજની સામે તથા નાના વરાછા ફલાય ઓવર બ્રીજ બસ સ્ટેન્ડ નજીક મુખ્ય રોડ પર દબાણ કરી ટ્રાફીકને અડચણરૂપ ધંધો કરતાં ઈસમોની ૩૪ નંગ લારી, ૨ નંગ ટેબલ, કાઉન્ટર તથા ૧૦૮ નંગ શાકભાજીના પાથરણા જપ્ત કરવામાં આવેલ. અગામી દિવસોમાં દબાણ હટાવવાની આ કામગીરી વધુ કડકાઈપૂર્વક કરવામાં આવનાર છે.

TOP

## ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના બાબત :–

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ મારફતે ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસવાટ કરતા તમામ રહેવાસીઓ પૈકી શૌચાલય વિહોણા તમામ કુટુંબોને હાલમાં શૌચાલયની સુવિધા વિનામુલ્યે પુરી પાડવાનું આયોજન હાથ ધરેલ છે. શહેરમાં એક પણ કુટુંબ શૌચાલય વિનાનું ન રહે એ દિશાની સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાને પુરતો સાથ સહકાર આપવા નાગરિકોને, સ્થાનિક સ્વયંસેવી સંસ્થાઓને વગેરેને આગળ આવવા તેમજ વ્યકિતગત સંપર્ક કરવા વોર્ડ વિસ્તારમાં આવા શૌચાલય વિહોણા કુટુંબોને શોધી તેની યાદી બનાવી આપશ્રીના ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને આપી તેવા કુટુંબોને શૌચાલયની સુવિધા અપાવવા જરૂરી મોટીવેશન પ્રોગ્રામો યોજી શહેરીજનોનો સંપર્ક કરવા અને આ યોજનાનો લાભ અપાવી નિર્ધારીત યોજના પુરી કરી નિર્મળ ગુજરાતનો ધ્યેય અને લક્ષ પુરો કરીએ.

''સુરતનો વિકાસ એટલે ગુજરાત રાજયનો વિકાસ અને ગુજરાતનો વિકાસ એટલ ભારત દેશનો વિકાસ.''

TOP

## પર્યાવરણ મંત્રીની હાજરીમાં ૧લીએ ઉમરપાડા અને માંગરોલના વીજપ્રશ્નો અંગે 'લોકદરબાર' યોજાશે

આગામી તા.૧/૯/૧૪ના રોજ ૧૧ : ૦૦ વાગે ઉમરપાડા અને માંગરોલ તાલુકા ખાતે બપોરે ૩ : ૦૦ વાગે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના પ્રશ્નોના નિરાકરણ માટે વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને 'લોકદરબાર'નું આયોજન કરવામાં આવ્યું છે. જેથી આ વિસ્તારના પ્રજાજનોએ પોતાના પ્રશ્નો / રજુઆતો અગાઉથી સંબંધિત વિભાગને મોકલી આપવા જણાવાયું છે.

TOP

## આંતરરાષ્ટ્રીય કક્ષાના કોચ શેખર ચાહુ સૂરતના ખેલાડીઓ સાથે રમી પ્રભાવિત થયા.
## ચુંનદા ખેલાડીઓની પસંદગી કરી :

સુરત જિલ્લાના તથા રાજયના ચેસ રમતના અત્યંત પ્રતિભા તથા ઉમદા ખેલાડીઓ રાજય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાનું કૌવત પ્રદર્શિત કરી શકે તેવા આશયથી ગાંધીનગરની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત પ્ર.શક્ષિણના કેન્દ્રના સિનિયર કોચના સંયુકત ઉપક્રમે ગત તા.૨૪મીના રોજ દિલ્હી પબ્લિક સ્કુલ ખાતે ચેસ રમતના ખેલાડીઓની પસંદગીની ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ૫ વર્ષથી ૨૦ વર્ષની નીચેની વયના ચેસની રમતના ખેલાડીઓની પસંદગી ટ્રાયલ યોજાઈ હતી. જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ચેસના કોચશ્રી શેખર સાહુ સુરત ખાતે એક સાથે ૧૦૦ જેટલા ખેલાડીઓ સાથે ચેસ રમીને ઉમદા અને આશાસ્પદ ટેલેન્ટેડ ખેલાડીઓની પસંદગી કરી હતી. આ ટ્રાયલમાં દિલ્હી પબ્લીક સ્કુલ દ્વારા ઉમદા પ્રકારની ઉચ્ચ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, શ્રી શેખર ચાહુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખુબ જ ખ્યાતનામ છે કે જેઓ ભારતના ખૂબ જ ઉત્કૃષ્ટ આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરી રહયા છે. જે ગુજરાત માટે ગૌરવની વાત છે. તેઓના અભિપ્રાય મુજબ ચેસના સૂરત ખાતે જ ટેલેન્ટેડ ખેલાડીઓ છે જે ભવિષ્યમાં રાજયનું નામ રોશન કરશે.

TOP

## ગણેશોત્સવ દરમિયાન સૂરત જિલ્લામાં હથિયાર બંધી :

ગણેશોત્સવ દરમિયાન સૂરત જિલ્લામાં સુલેહ શાંતિ અને કમી એખલાસ ભર્યુ વાતાવરણ બરકરાર રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરનામાં દ્વારા સમગ્ર સૂરત (રૂરલ) જિલ્લામાં તા.૯/૯/૨૦૧૪ સુધી હથિયાર બંધી લાગુ કરી છે.

જે મુજબ કોઈ પણ વ્યકિતએ શસ્ત્રો, દંડા, તલવાર, સોડા, ઘોડા, બંદૂક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડે તેવા સાધનો સાથે લઈ જવા નહીં. આ ઉપરાંત કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખવા નહીં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી. જેનાથી સુરુચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં. તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ઠા કરવી નહીં તથા ચિત્રો પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહીં અને બતાવવી નહીં. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં. લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં અને ગીતો ગાવા નહીં સાથે વાદ્ય વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

સરકારી કર્મચારી કે જેને ઉપરી અધિકારીએ ફરજ બજાવવા આજ્ઞા આપી હોય, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક(રૂરલ)એ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને અથવા જેને શારીરિક અશકિતને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરિયાત હોય તેવી વ્યકિતઓને આ હુકમમાંથી મુકિત આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર શખ્સ વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

**TOP**

## ગણેશ વિસર્જનના દિવસે કીમ–કામરેજના રસ્તાથી સુરત આવનાર ભારે વાહનો હંગામી ધોરણે ડાયવર્ટ કરાયા :

ગણેશોત્સવના તહેવારને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરનામા દ્વારા નીચે જણાવ્યાનુસાર તા.૮/૯/૧૪ના રોજ ગણેશ વિસર્જનના દિવસે સવારના ૭.૦૦ કલાકથી ૨૪ કલાકના સમય દરમિયાન ટ્રાફિકને ડાઈવર્ટ કર્યો છે.

જે અનુસાર કામરેજ ચાર રસ્તાથી સૂરત શહેર તરફ આવનાર ભારે વાહનો જેવા કે 'મોટા ટ્રેઈલરો, ડમ્પરો, ટેન્કરો, ટ્રક તેમજ લકઝરી બસો'ને કડોદરા ચાર રસ્તા તથા સચીન તરફ ડાયવર્ટ કરવો. કીમ ચાર રસ્તાથી કે હાંસોટ તરફથી ઓલપાડ થઈ હજીરા સુરત તરફ આવતા–જતા ભારે વાહનોને ઓલપાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આવા ભારે વાહનોને કડોદરા ચાર રસ્તા તથા સચીન તરફ ડાયવર્ટ કરવનો રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

TOP

## કામરેજના તાપી નદીના ગાયપગલા ઓવારે વિસર્જન કરવા પર પ્રતિબંધ :

ગણેશોત્સવ તહેવારની ઉજવણીને અનુલક્ષીને સૂરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાર એન. મકવાણા એક જાહેરનામા દ્વારા જણાવ્યું છે કે, સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં તાપી નદીના ગાયપગલા ઓવારે કોઈપણ વ્યકિતએ કે જનસમુદાયે ગણપતિ વિસર્જનના હેતુસર જવું નહી અને ગાય પગલા ઓવારે વિસર્જન કરવું નહીં કે કરાવવું નહીં. આ હુકમનો અમલ તા.૮/૯/૧૪ના રોજ ગણેશ વિસર્જન પુર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. ગાયપગલા ઓવારામાં ઓવારાની આજુ–બાજુ તાપી નદીને લાગુની જગ્યા અથવા વિસ્તારને આવરી લેવાયો છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

TOP

## મુર્તિકારો મૂર્તિ બનાવટમાં આટલી કાળજી રાખે :

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું :**

**પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદુષણને અટકાવવાના હેતુસર સુરત જિલ્લા (રૂરલ)ના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રકાશ એન. મકવાણાએ એક જાહેરાનામા દ્વારા ધાર્મિક પ્રસંગો દરમિયાન દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.**

**જે અનુસાર દરિયામાં વિસર્જન કરવામાં આવનાર માટીની મૂર્તિની ઉંચાઈ બેઠક સાથે ૧૦ ફુટથી વધારે હોવા ઉપર અને કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવામાં આવનાર પી.ઓ.પી.ની મુર્તિની ઉંચાઈ બેઠક સાથે ૫ ફુટ કરતા વધારે રાખની નહીં. પી.ઓ.પી.ની મૂર્તિઓ દરિયા, નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવું નહીં. (સ્થાનિક સત્તામંડળ / નગરપાલિકા / ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવાનું રહેશે.) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિ બનાવે છે ત્યાં તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ ગંદકી કરવી નહીં. મૂર્તિઓનું સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બીન વારસી હાલતમાં છોડીને જશે નહીં. બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહીં. ગણેશ વિસર્જન પુર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા નહીં. ફાયબરની મૂર્તિ વિસર્જનના દિવસે અથવા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવી નહીં. સુરત બહારથી મૂર્તિઓ લાવી વેચનારાઓને પણ આ નિયમો લાગુ પડશે. આ હુકમનો અમલ તા.૧૮/૯/૧૧ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કે ઉલ્લઘંન કરનાર શિક્ષાને પાત્ર થશે.**

TOP

## ૨૮મીએ "ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધા"નું આયોજન :

જીવનભારતી મંડળ અને ડો.સી.ઝેડ શાહ એજયુકેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સુરત શહેરની શાળાઓ માટે ગુજરાતી ભાષા ઓલિમ્પિયાડ સ્પર્ધાનું આયોજન આગામી તા.૨૮મીના રોજ સવારે ૯.૩૦ વાગે રંગભવન હોલ, આચાર્યશ્રી ચંદ્રભવન શાહ વિદ્યાસંકુલ, જીવનભારતી, નાનપુરા ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ઉદઘાટક તરીકે વડોદરા મ.સી.યુનિ.ના વિવેચક, સંશોધક, નિવૃત અધ્યાપકશ્રી રમણભાઈ સોની તથા મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઉમેદસિંહ રાઠોડ ઉપસ્થિત રહેશે.

TOP

## ગુજરાતના અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના :

ભારતીય હવામાન ખાતાની આગાહી મુજબ આગામી ૨૪.૦૦ કલાકમાં ગુજરાત રાજયના અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જેથી સંબંધિત લાયઝન અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓને સાવચેતીના તમામ પગલા લેવા સૂરત જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ દ્વારા જણાવાયું છે.

TOP

# સુરતને 'સ્માર્ટ સીટી' બનવવાની દિશામાં સુ.મ.પા.ની પહેલ



વધતા શહેરીકરણની સાથે વધુ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને મુળભુત સમસ્યાઓના નિરાકરણ હેતુ સરકારશ્રી ધ્વારા જાહેર થયેલ 'સ્માર્ટ સીટી'ની પરિકલ્પના અન્વયે સુરત શહેરમાં પણ 'સ્માર્ટ સીટી' ની પરિકલ્પના મુજબની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે તા.૨૬/૦૮/૨૦૧૪ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે કમિશનરશ્રીની અધ્યક્ષતા હેઠળ જે તે વિષયના તજજ્ઞોની ઉપસ્થીતીમાં વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જે અન્વયે માળખાગત સુવિધાના વિવિધ ક્ષેત્ર જેમ કે, પાણી પુરવઠો, ડ્રેનેજ યોજના, ઘન કચરાનો નિકાલ, જાહેર પરિવહન, આરોગ્ય, આર્થિક સ્ત્રોત વિગેરને સંકલિત કરી, જનહિતલક્ષી બનાવવા સાથે વિવિધ સમસ્યાના નિરાકરણ સહિત ગુણવતાયુકત સેવાઓ આપી શકાય તે બાબતની બૃહદ ચર્ચા વિચારણા કરી, એકશન પ્લાન ઘડવામાં આવેલ. આ વર્કશોપમાં કમિશનરશ્રી અને સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ધ્વારા હાલમાં પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અને તેમાં થયેલ આધુનિકીકરણ અંગે ઉપસ્થિત તજજ્ઞોને દ્રશ્ય–શ્રાવ્ય માધ્યમથી વિસ્તૃત સમજણ આપી, વર્તમાન સેવાઓમાં ગુણવતાત્મક સુધારાઓ કરવા બાબતે તેઓના સુચન તેમજ મંતવ્યો મેળવવામાં આવ્યા હતા અને તેના આધારે આગામી એકશન પ્લાન ઘડવામાં આવ્યો હતો. આ વર્કશોપના આયોજન દરમ્યાન ઉપસ્થિત તજજ્ઞોને સુરત મહાનગરપાલિકા તેમજ રાજય સરકારશ્રીના હસ્તકના વિવિધ પ્રકલ્પોની સ્થળ મુલાકાત પણ કરાવી, પ્રત્યક્ષ સમજણ આપવામાં આવી હતી. જે દરમ્યાન તજજ્ઞોએ સુરત મહાનગરપાલિકાની વર્તમાન સેવાઓને બીરદાવી, ઉપયોગી સુચનો કર્યા હતા.

TOP

## "વિશ્વ વિનાયક પ્રદર્શન" નું આયોજન બાબત :–



સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં "વિશ્વ વિનાયક પ્રદર્શન" નું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રદર્શનનું ઉદ્દઘાટન આજરોજ શહેરનાં પ્રથમ નાગરીક મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાનાં વરદ હસ્તે કરવામાં આવેલ. પ્રદર્શનમાં ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા, શાસક પક્ષનેતાશ્રી કિશોરભાઈ બિંદલ, સાંસ્કૃતિક સમિતિ ચેરમેનશ્રી કિશોરીબેન કાપડીયા, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, ગૃહ નિર્માણ અને ઉધાન સમિતિ ચેરમેનશ્રી દેવિકાબેન જાદવાણી, મ્યુ.કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે, ડે.કમિશ્નરશ્રી સી.વાય. ભટ્ટ, મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રી, કર્મચારીઓ, કલાસર્જનનાં શ્રી તેજસ શાહ તેમજ વિધાર્થીઓ વિગેરે હાજર રહયા હતાં.

આ પ્રદર્શનમાં ૩૦૦ જેટલી ગણેશજીની પ્રતિમાઓ સુરતનાં ખ્યાતનામ આર્કિટેકટ શ્રી સંજય જોષી દ્વારા આપવામાં આવેલ છે, ૨૪૯ ફોટોગ્રાફસ તેમજ ૨૫ લાઈન ડ્રોઈંગ્સ, ગણપતિનો ઈતિહાસ તેમજ ગણપતિનાં વિવિધ સ્વરૂપો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ગણપતિની પ્રતિમાઓ નાળીયેર, શંખ, માટી, પથ્થર, કાંચ, પિત્તળ, ફાયબર, પેપર કવીલીંગ તથા પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી વિવિધ સ્વરૂપો જેવાકે બાળ સ્વરૂપ, દશભુજા, વાંજીત્રો વગાડતા તેમજ વિવિધ મુદ્રાઓમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. વધુમાં સુરતની કલાસર્જન સંસ્થા દ્વારા આ પ્રદર્શનનાં અનુસંધાનમાં શ્રી તેજસ શાહ દ્વારા ૪ (ચાર) વર્ષથી ૧૭ (સત્તર) વર્ષનાં વિધાર્થીઓ દ્વારા નાળીયેર ઉપર વિવિધ વસ્તુઓ જેવીકે દિવાસળી, ઉન, થર્મોકોલનાં બોલ, મોતી, સીલ્વર ફોઈલ, નાળાછળી, બટન, ચાવી, અગરબત્તિ, આભલા વિગેરે મળી કુલ ૭૭ નાળીયેર પર ગણપતિ બનાવવામાં આવેલ છે. આ પ્રદર્શન જાહેર જનતા માટે તા.૨૭/૦૮/૧૪ થી તા.૧૪/૦૯/૧૪ સુધી સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. તા.૦૧ અને ૦૮ સપ્ટેમ્બરનાં રોજ પ્રદર્શન જાહેર જનતા માટે બંધ રહેશે. સદર પ્રદર્શન વિનામૂલ્યે આર્ટ ગેલેરી ખાતે નિહાળી શકાશે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

TOP

## તા.૨૫–૮–૨૦૧૪ના રોજ મળેલ રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિની સભા બાબત :–

સુરત મહાનગરપાલિકાની તા.૨૫–૮–૨૦૧૪ના રોજ મળેલ રૂગ્ણાલયો વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિની સભામાં અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર શુકલાલ પાટીલે સભામાં (૧) સુરતના તમામ ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રી, સુરત મહાનગરપાલિકાના તમામ કાઉન્સીલરો, ન.પ્રા.શિ.સમિતિના તમામ સભ્યશ્રીઓ તેમજ કલમ–૪૫ હેઠળના વર્ગ–૧ના તમામ અધિકારીશ્રીઓ માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવાનું (૨) રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિએ સનશાઈન ગ્લોબલ હોસ્પીટલ, સુરતની મુલાકાત લેવાનું અને (૩) સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનની તમામ નગર પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓના બ્લડ ગૃપ તથા હીમોગ્લબીનની તપાસ મહાનગરપાલિકા તરફથી કરાવવાની દરખાસ્તો રજુ કરવામાં આવી છે.

TOP

## "ઈન્ટ્રોડકશન એન્ડ ઓરીએન્ટેશન" પ્રોગ્રામનું આયોજન બાબત :–

સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માં એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે તા.૨૫/૦૮/૧૪ થી તા.૨૮/૦૮/૧૪ સુધી "ઈન્ટ્રોડકશન એન્ડ ઓરીએન્ટેશન" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૫/૦૮/૧૪ના રોજ સ્મીમેર મેડીકલ કોલેજના ડીન ડો.કલ્પના દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.વંદના દેસાઈ તથા તમામ વિભાગના ટીચીંગ ફેકલ્ટી હાજર રહેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહયા હતા. સદર કાર્યક્રમમાં તેઓને એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમ, મેડીકલ કોલેજ તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ, સ્ટુડન્ટ કોડ ઓફ કન્ડકટ, એન્ટીરેગિંગ એકટીવીટી વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. ડીન, ડી. કલ્પના દેસાઈએ સ્ટુડન્ટને એડ્રેસ કરતા જણાવ્યું કે, સ્મીમેર એ રેગીંગ મુકત કોલેજ છે. સ્મીમેર ખાતે નવા વિદ્યાર્થીઓને સરકારશ્રીના નીતિ–નિયમો મુજબ ઓનલાઈન એન્ટીરેગીંગ એફીડેવીટ પણ સ્મીમેર ખાતે ડીનની હાજરીમાં ભરાવવામાં આવેલ. સ્મીમેર ખાતે વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારની ખોટી એકટીવીટીમાં સામેલ ન થવા તેમજ શિસ્ત જાળવવા જણાવ્યું. નવા વિદ્યાર્થીઓમાં પર્યાવરણની જાળવણીનો અભિગમ કેળવાય તે હેતુથી તા.૨૬/૦૮/૧૪ ના રોજ " Go Green Initiative " અંતર્ગત ડીનશ્રીના નેજા હેઠળ સ્મીમેર કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વાવવામાં આવેલ વૃક્ષ જાળવવાની જવાબદારી જે તે વિદ્યાર્થીઓએ ઉપાડી હતી. જે એક નવા પ્રકારની પર્યાવરણની સમતુલા જાળવવાની પહેલ હતી.

આગામી દિવસોમાં એથીકલ આસ્પેકસ, લાયબ્રેરી ઓરીએન્ટેશન, તેમજ કલ્ચરર એકટીવીટી અને સ્પોર્ટસ એકટીવીટી અંગેની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે તેમજ સીનીયર વિદ્યાર્થીઓને સાથે રાખીને સ્ટુડન્ટ મેન્ટરશીપ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવનાર છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રોગ્રામ બાબતે અને સ્મીમેર અને સુરત મહાનગરપાલિકાની કામગીરી અંગે ખૂબ જ સારો પ્રતિભાવ આપેલ.

**TOP**

## કર્મયોગી ચિંતન શિબિરનું આયોજન બાબત :–

માન.ગુજરાત સરકારશ્રીનાં ગતિશીલ ગુજરાતના ૧૦૦ દિવસના કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારના અધિકારીઓ / કર્મચારીઓમાં ''કર્મયોગી''ની ભાવનાં મૂર્તિમંત કરવા, તેઓનાં વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા, તેઓની ફરજ દરમ્યાનની કામગીરી પરિણામલક્ષી બનાવવા તેમજ તેઓનાં વિધેયાત્મક અભિગમના નિરુપણ માટે કર્મયોગી ચિંતન શિબિરનું આયોજન તા.૧૧.૮.૨૦૧૪ થી કવિ નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી ખાતેનાં રણજીતરાય મહેતા સભાગૃહમાં કર્મયોગીને તાલીમ આપવાનું શરુ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિદિન ૧૧૦ કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે. સદર તાલીમમાં તા.૨૬.૮.૨૦૧૪ સુધીમાં ૧૧૫૬ કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. આ કાર્યક્રમ તા.૧૧.૯.૨૦૧૪ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. જેમાં અંદાજે ૨૫૦૦ કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવનાર છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૫/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૮૨૬૧ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૫૯૨૭ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૪૯૫ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૩૯૩૪ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૩) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૬૬૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૪) શહેરનાં ૩૩૮ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૧૨ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૫) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૩૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૬૩ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૧૮૭ નોટિસો આપવામાં આવી અને ૩૬૪૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૫/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૫/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ગંદકી ફેલાવનાર ૯૨ ઈશમોને નોટિસ આપી વહીવટી ચાર્જ રૂા.૨૩૫૦/– વસૂલ કરવામાં આવેલ છે. ડ્રેનેજ અંગેની ૩૫ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી વિભાગ દ્વારા ૭૩૭૭ ઘરોનો સર્વે કરી ૩૪ ઈશમોને નોટિસ આપી ૪૨ જગ્યાએ બ્રીડીંગનો નાશ કરવામાં આવ્યો. ૫૨૦ સ્લાઈડ મેળવવામાં આવેલ આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા ૫૦૭ મિલકતનો સર્વે કરી રૂા.૨૧(એકવીસ) લાખનો વેરો વસૂલાત કરવામાં આવ્યો છે. વ્યવસાય વેરા વિભાગ દ્વારા ૨૨૮ મિલકતનો સર્વે કરી ૯(નવ)લાખનો વ્યવસાય વેરો વસૂલવામાં આવેલ છે. ઈમ્પેકટ ફીની ૧૬૦ અરજી પૈકી ૪૪ અરજી નામંજુર કરી. ૪૫ નોટિસ ઈશ્યુ કરવામાં આવેલ છે. દબાણ વિભાગ દ્વારા ૧૨(બાર) લારીઓનું દબાણ દૂર કરેલ છે. કતારગામ ઝોન વિસ્તારમાં ૧૦૩ લાઈટ પોલને ચાલુ કરવામાંા આવેલ છે. ઈ.ડબલ્યુ.એસ આવાસના હપ્તાની રૂા.૯૮૨૩૨/–ની વસૂલાત કરવામાં આવેલ છે. શહેર વિકાસ વિભાગ દ્વારા ટી.પી.૨૬ અને ૫૧ માં કુલે ૩૭૦૦૦ ચો.ફુટ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. ટી.પી.૨૫માં ૧૦૭૦ ચો.મી.જગ્યાનો કબ્જો મેળવી આંતરિક ફેરફાર કરેલ છે.

TOP

## મેડીકલ કેમ્પ તેમજ સફાઈ ઝુંબેશનું આયોજન બાબત :–

નોર્થઝોન (કતારગામ)ખાતેનાં આરોગ્ય વિભાગ ધ્વારા ઉત્રાણ વિસ્તારમાં આવેલ ઉત્રાણ હેલ્થ સેન્ટર ખાતે તા–૨૩/૦૮/૨૦૧૪ના રોજ નોર્થઝોન(કતારગામ)ના આસી.કમિશ્નરશ્રી જગદીશભાઈ પટેલ ના સીધા માર્ગદર્શન હેઠળ મેડીકલ કેમ્પ તેમજ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. સદર મેડીકલ કેમ્પમાં ૪૦૧ લાભાર્થીઓ લાભ લીધેલ હતો તેમજ ૪૮ લાભાર્થીઓને વધુ સારવાર અર્થ સ્મીમેર હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત ૧૪ બાળકોનું રસીકરણ કરવામાં આવેલ હતું.સફાઈ ઝુંબેશના કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ ધ્વારા ૧.૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો તેમજ સદર કામગીરી દરમિયાન કુલ ૧૫૪ નોટીસ આપવામાં આવેલ તેમજ ૭૭ ઈસમો પાસેથી ૧૦,૧૦૦/– રૂા વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.વી.બી.ડી.સી.ધ્વારા કુલ ૧૨૩૪૧ ઘરમાં ૩૮૧૯૪ બ્રીડીંગ સ્પોટ સર્વ કરવામાં આવ્યા જેમાં ૧૨૯ પોઝીટીવ બ્રીડીંગ મળેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો.આ ઉપરાંત ''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન''હેઠળ તા.૧૩/૮/૨૦૧૪ના રોજ ન્યુસન્સ કરતા કુલ ૧૨૨ ઈસમો પાસેથી કુલ ૨૧,૯૦૦/–રૂા વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો તેમજ તા.૨૦/૮/૨૦૧૪ ના રોજ પણ ન્યુસન્સ કરતા કુલ ૬૫ ઈસમો પાસેથી કુલ ૧૩,૮૦૦/–રૂા વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો અને કુલ ૬૯ નોટીસ આપવામાં આવેલ હતી.તેમજ તા.૧૮/૮/૨૦૧૪ના રોજ શાળાની આસપાસના વિસ્તારમાં તમાકુની બનાવટો નું વેચાણ કરતી સંસ્થા/ઈસમો પાસેથી કુલ ૭૭૦૦/–રૂા દંડ કરવામાં આવ્યો તેમજ ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી. આ ઉપરાંત ગત અઠવાડીયા દરમ્યાન આરોગ્ય તેમજ વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા કુલ ૧૮૫ ઈસમો પાસેથી કુલ ૩૫,૬૫૦/–રૂા વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**TOP**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૬/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૬૨૮૬ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૪૨૪૦ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૫૦૩ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૫૯૪ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૩) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૦૬ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૪) શહેરનાં ૩૩૯ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૧૦ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૫) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૪૩ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૭૨ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૭ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૩૯ નોટિસો આપવામાં આવી અને ૩૯૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચરછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ)દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૪ના રોજ આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૨૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ગંદકી ફેલાવનાર ૩૯ ઈશમોને નોટિસ આપી વહીવટી ચાર્જ રૂા.૪૦૦/– વસૂલ કરવામાં આવેલ છે. ડ્રેનેજ અંગેની ૩૮ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી વિભાગ દ્વારા ૮૮૯૬ ઘરોનો સર્વે કરી ૫૦ ઈશમોને નોટિસ આપી ૯૭ જગ્યાએ બ્રીડીંગનો નાશ કરવામાં આવ્યો. ૬૨૮ સ્લાઈડ મેળવવામાં આવેલ તથા વહીવટ ખર્ચ પટે ૧૧૦૦/– વસૂલ કરવામાં આવેલ આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા ૫૯૭ મિલકતનો સર્વે કરી રૂા.૧૯(ઓગણીસ) લાખનો વેરો વસૂલાત કરવામં આવ્યો છે. વ્યવસાય વેરા વિભાગ દ્વારા ૧૭૪ મિલકતનો સર્વે કરી ૮.૫૦ લાખનો વ્યવસાય વેરો વસૂલવામાં આવેલ છે. ઈમ્પેકટ ફીની ૧૪૦ અરજી પૈકી ૪૪ અરજી નામંજુર કરી. ૬૫ નોટિસ ઈશ્યુ કરવામાં આવેલ છે. દબાણ વિભાગ દ્વારા ૧૨(બાર) લારીઓનું દબાણ દૂર કરેલ છે. કતારગામ ઝોન વિસ્તારમાં ૧૦૮ લાઈટ પોલને ચાલુ કરવામાં આવેલ છે. ઈ.ડબલ્યુ.એસ આવાસના હપ્તાની રૂા.૧,૦૨,૧૫૦/–ની વસૂલાત કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) ખાતેનાં આરોગ્ય વિભાગ ધ્વારા બુધવારની સંકલિત ગ્રુપ સફાઈ કામગીરી કતારગામ વોર્ડ ઓફિસ વિસ્તારમાં આવેલ (૧) ડોલી કોમ્પલેક્ષ થી ગાંધી ચોક થઈ બોરડી ફળીયા થઈ લીંબાચીયા ફળીયા થઈ પ્રભાત ફળીયા થઈ મોચીવાડ રોડ (૨) મસ્જીદ મહોલ્લો થી વાલાવાડી થઈ ટેકરા ફળીયા થઈ મસ્જીદ મહોલ્લા સુધી. તા.૨૭/૦૮/૨૦૧૪ના રોજ નોર્થઝોન (કતારગામ)ના નાયબ આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ સફાઈ ઝુંબશનું આયોજન કરવામાં આવેલ હતું. સદર સફાઈ ઝુંબેશના કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ ધ્વારા ૦૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો તેમજ સદર કામગીરી દરમિયન કુલ ૧૫૧ નોટીસ આપવામાં આવેલ તેમજ ૨૫ ઈસમો પાસેથી ૪,૭૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. ધ્વારા કુલ ૮૪૮૫ ઘરમાં ૧૫૯૪૭ બ્રીડીંગ સ્પોટ સર્વ કરવામાં આવ્યા જેમાં ૬૯ પોઝીટીવ બ્રીડીંગ મળેલ હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત ''મહાત્મા ગાંધી  સ્વચ્છતા મિશન'' હેઠળ તા.૨૭/૮/૨૦૧૪નાં રોજ ન્યુસન્સ કરતા કુલ ૧૫ ઈસમો પાસેથી કુલ ૧૭,૯૦૦/– રૂા. વહીવટી ખર્ચ વસુલવામાં આવ્યો હતો અને કુલ ૬૩ નોટીસ અપવામાં આવેલ હતો.

TOP

## ''જૈન સંવત્સરી શુભેચ્છા સંદેશ''

મેયર નિરંજન ઝાંઝમેરા, ડે.મેયર રંજન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ નિરવ શાહ, નેતા શાસક પક્ષ કિશોર બિંદલ સુરત મહાનગરમાં વસતા તમામ જૈન ભાઈ બહેનોને પર્યુષણ પર્વના સંવત્સરીના શુભ દિને હાર્દિક શુભેચ્છા અને ''મિચ્છામી દુકકડમ'' પાઠવે છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

**સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૪૧ (ડીંડોલી)ના ફા.પ્લોટ નં. ૮૨/બી પૈકીમાં સ્થિત બીલીયાનગર સોસાયટી,સબપ્લોટ નં. ૫૫/બી માં મિલ્કતદાર તરફથી ગેરકાયદેસર રીતે રહેણાંક હેતુથી કરવામાં આવેલ ત્રીજામાળનું બાંધકામ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ સ્ટાફ મારફત આશરે ૧૪'×૫૦' વિસ્તારનો આર.સી.સી.સ્લેબ સ્થળ પરથી દુર કરવામાં આવેલ તેમજ કરવામાં આવેલ દિવાલોનું ચણતરકામ દુર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.**

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૭/૮/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૯૮૫૭ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૬૫૮૧૪ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૫૬૮ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૯૭૧ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૮૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૪૬ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૨૭ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૫૮ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૬૬ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૨૬ નોટિસો આપવામાં આવી અને ૨૨૭૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આજરોજ ત્રણ બાંધકામો સામે કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯ (ઉધના–લિંબાયત)ના ફા.પ્લોટ નં.૬ માં આવેલ મહાપ્રભુનગર ઈન્ડ.સોસાયટીના પ્લોટ નં.૧૧૩,૧૧૪ માં ઈન્ડ.બાંધકામ કરવાના ઈરાદે કરવામાં આવેલ પ્રથમમાળનું આશરે ૧૪'×૪૫' માપ વિસ્તારમાં કરવામાં આવેલ ૧૮૦ ચો.ફુટ ચણતરકામ, ૬ નંગ કોલમ અને ૬૩૦ ચો.ફુટ શટરીંગ દુર કરવામાં આવેલ તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું ટી.પી.સ્કીમમાં જ આવેલ ફા.પ્લોટ નં.૭માં આવેલ મહાપ્રભુનગર ઈન્ડ. સોસાયટીના સબપ્લોટ નં.૧૭,૧૮માં ઈન્ડ.બાંધકામ કરવાના ઈરાદે કરવામાં આવેલ પ્રથમમાળ પર આશરે ૧૫' × ૫૦' માપવિસ્તારમાં ૭૮૦ ચો.ફુટ ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. વધુમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ–ગોડાદરા) માં ફા.પ્લોટ નં.૧૭૮/એ માં આવેલ ગાયત્રીનગર સોસાયટીના પ્લોટ નં.૨૫ની બાજુમાં આવેલ સોસાયટી રોડ પર ગેરેજનું બાંધકામ કરી ટી.પી.રોડ સાથેના એપ્રોચ બંધ કરવામાં આવેલ. જેના કારણે સદર સોસાયટીના રહીશોની અવરજવર મુશ્કેલ બનેલ. જેથી સદરહું સોસાયટીના એપ્રોચ રોડ પર થયેલ આશરે ૨૦' × ૫૦' માપ વિસ્તારનું દિવાલોનું ચણતરકામ સ્થળ પરથી દુર કરી એપ્રોચ રોડ ખુલ્લો કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૨૮.૦૮.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૭૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૪૨ ફાઈલના રૂા.૬,૨૪,૦૦૦/–રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૬ લોકેશન (ખાડા) ૬૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૪.૫૩૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે.,કુલ–૧૦ લોકેશન (ખાડા) ૪૭૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૩૩૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૪૬ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૭ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., ટી.પી.૫૪(ભેસતાન)એચ–૧૫ ભધક આવાસ પાસેના ૩૬.૦ મી. ટી.પી.રસ્તા પર પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હેઠળ કુલ –૦૮ લારી–ગલ્લાઓ તથા પ્લાસ્ટીક ના તબુ બાંધી વેચાણ કરતા તબુઓ/ પાથરણાવાળોને દૂર કરવામાં આવેલ છે.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૬૨ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૫૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૧૬.૪૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૮.૮૩ લાખ થયેલ છે.,૧૬ ભહ તથા – ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી , રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા. ૯૨૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૦૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪૨૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૪ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : ૧૭૧.૪૫ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૩ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા. ૨૫૦૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ ૧૧૧૫૬ ઘર સર્વે કરવામાં આવેલ.,કુલ ૨૪૪૨૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૫૮૭ કરવામાં આવેલ છે. જયારે ૬૪ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ રૂા. ૬૨૦૦/–વસુલ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૦૮/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૩૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૨,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી.વિભાગ દ્વારા ૮૪૫૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા.૨૨,૪૬,૧૩૮/– વસુલાત કરવામાં આવેલ છે તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા જુની તથા નવી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ સ્થળ ઉપર રૂા.૯,૪૪,૫૬૯/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૧૩ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૪,૦૩,૭૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૧,૦૪,૮૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

તા.૨૮/૦૮/૨૦૧૪ના રોજ શહેર વિકાસસ દ્વારા ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી)માં ૪૦, પટેલ ઈન્ડ. સોસાયટી વિભાગ–૨ ખાતે પ્રથમ માળનું આશરે ૫૦૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

TOP

## ફુડ વિભાગની કામગીરી બાબત :–

ફુડ વિભાગનાં ફુડ ઈન્સ્પેકટર / ફુડ સેફટી ઓફિસર શ્રી જી.કે.ઉપાધ્યાયએ તા.૦૪/૦૩/૨૦૦૫ના રોજ ઠે.જુના પુના નાકા પાસેથી સંગમ કૃષિ ઓદ્યૌગિક પ્રક્રિયા અને ગ્રામીણ વિકાસ સહકારી સંસ્થા, સંગમનેર, મહારાષ્ટ્ર ધ્વારા ઉત્પાદીત "સંગમ ગોલ્ડ–પાસ્ચ્યુરાઈઝ મિલ્ક" નો નમુનો સંસ્થાનાં સેલ્સમેન શ્રી શરદભાઈ સીતારામ ગુળવે પાસેથી લઈ પૃથ્થકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રીનાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુનો ભેળસેળવાળો અને મીસ બ્રાન્ડેડ માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો.આઈ.સી.પટેલ સાહેબની મંજુરીથી નામદાર મ્યુનિ.કોર્ટમાં પી.એફ.એ. કેસ નં.૨૬/૨૦૦૫ તા.૨૯/૦૭/૨૦૦૫થી જવાબદાર ઈસમો સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ.જે.ઠાકર સાહેબે તા.૨૨/૦૮/૨૦૧૪નાં રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી શરદભાઈ સીતારામ ગુળવે અને સંસ્થાનાં નોમીની શ્રી દિલીપભાઈ જોગલેને પી.એફ.એ. એકટની સને ૧૯૫૪ની કલમ –૭ અને ૧૬ ની સાથે વાંચતા સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી બન્ને આરોપીઓને દોઢ–દોઢ વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૬,૦૦૦–૬,૦૦૦/– નો દંડ તથા ઉત્પાદક સંગમ કૃષિ ઓદ્યૌગિક પ્રક્રિયા અને ગ્રામીણ વિકાસ સહકારી સંસ્થાને રૂા.૧૦,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૧૫–૧૫ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

TOP

## ફુડ વિભાગની કામગીરી બાબત :–

ફુડ વિભાગનાં ફુડ ઈન્સ્પેકટર / ફુડ સેફટી ઓફિસર શ્રી બી.આર.બ્રહમભટ્ટે તા.૦૫/૦૪/૨૦૦૫ના રોજ ઠે.જુના પુના નાકા પાસેથી સંગમ કૃષિ ઓદ્યૌગિક પ્રક્રિયા અને ગ્રામીણ વિકાસ સહકારી સંસ્થા, સંગમનેર, મહારાષ્ટ્ર ધ્વારા ઉત્પાદીત "કિલ્લે ગગનગઢ હોમોજીનામઈઝડ પાસ્ચ્યુરાઈઝ કાઉ મિલ્ક" નો નમુનો સંસ્થાનાં સેલ્સમેન શ્રી શરદભાઈ સીતારામ ગુળવે પાસેથી લઈ પૃથ્થકરણ માટે પબ્લીક એનાલીસ્ટશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલવામાં આવેલ. તે અંગે પબ્લીક એનાલીસ્ટશ્રીનાં આવેલ રીપોર્ટ મુજબ સદર નમુનો ભેળસેળવાળો માલમ પડતાં સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો.આઈ.સી.પટેલ સાહેબની મંજુરીથી નામદાર મ્યુનિ.કોર્ટમાં પી.એફ.એ. કેસ નં.૩૩/૨૦૦૫ તા.૨૭/૦૯/૨૦૦૫થી જવાબદાર ઈસમો સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસ નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી એચ.જે.ઠાકર સાહેબે તા.૨૨/૦૮/૨૦૧૪નાં રોજ આપેલ ચુકાદા મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૪૮(૨) અન્વયે આ કામનાં આરોપી શ્રી શરદભાઈ સીતારામ ગુળવે અને સંસ્થાનાં નોમીની શ્રી દિલીપભાઈ જોગલેને પી.એફ.એ. એકટની સને ૧૯૫૪ની કલમ –૭ અને ૧૬ ની સાથે વાંચતા સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી બન્ને આરોપીઓને ૦૭–૦૭ માસની સાદી કેદની સજા તથા રૂા.૧,૦૦૦–૧,૦૦૦/– નો દંડ તથા ઉત્પાદક સંગમ કૃષિ ઓદ્યૌગિક પ્રક્રિયા અને ગ્રામીણ વિકાસ સહકારી સંસ્થાને રૂા.૫,૦૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૩૦–૩૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**TOP**

# ગતિશીલ ગુજરાત

સુરત મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ ધ્વારા ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ અંતર્ગત 'મિશન મંગલમ (અર્બન) યોજના' અંતર્ગત રચાયેલ સખી મંડળોના હોદ્દેદારોને વિવિધ તબકકે મળતાં લાભો તથા સ્વસહાય જુથની સવિસ્તાર કલ્પના, જુથ રચના, હિસાબો રાખવા અને ગૃપ મેનેજમેન્ટ તેમજ તકરાર નિવારણ વિગેરે બાબતોની જાણકારી આપવાની સાથે બહેનોમાં વિશ્વાસ કેળવાય અને તે થકી સખી મંડળનું વ્યવસ્થિત સંચાલન કરી શકે તે હેતુથી તા.૨૮/૮/'૧૪ના રોજ 'સંજીવકુમાર ઓડીટોરીયમ', પાલ, સુરત ખાતે 'તાલીમ કાર્યક્રમ' રાખવામાં આવેલ. સદર કાર્યક્રમમાં મહાનગરપાલિકાના તમામ ઝોનમાંથી ૫૧૨ જેટલા સખી મંડળોના ૧૦૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.

સદર કાર્યક્રમમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિ સમિતિના અધ્યક્ષા શ્રી કિશોરીબેન કાપડીયા, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, મ્યુ.સદસ્યશ્રી ઉર્મિલાબેન રાણા, તથા ઈ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રી (હે.અને હો.) શ્રી હેમંતભાઈ દેસાઈ, શ્રીમતી દેવ્યાનીબેન શેઠ હાજર રહેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કર્યા બાદ ડેપ્યુટી મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા તથા ઉપસ્થિત તમામ મહાનુભાવોએ દિપપ્રાગ્ટય કરી કાર્યક્રમની શરૂઆત કરી. કાર્યક્રમની શરૂઆતમાં ઈ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રી (હે.અને હો.) શ્રી હેમંતભાઈ દેસાઈએ આવકાર પ્રવચનમાં તમામ મહાનુભાવોનું સ્વાગત કર્યા બાદ યોજનાની ટુંકી રૂપરેખા પણ આપી હતી. ત્યારબાદ આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલાએ યોજનાના મુખ્ય ધ્યેય શહેરી ગરીબ મહિલાઓને આર્થિક રીતે પગભેર કરવા અંગેના સરકારશ્રીના આ પ્રયત્ન અને તેમાં સુરત મહાનગરપાલિકાની ભાગીદારી પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે આવનાર દિવસોમાં આ યોજના અંતર્ગત વધુમાં વધુ બહેનો જોડાય અને વધુ સખી મંડળો રચી યોજનાનો મહત્તમ લાભ જરૂરીયાતમંદ લાભાર્થી સુધી પહોંચે તે આપણા સૌની જવાબદારી છે.

ત્યારબાદ ડેપ્યુટી મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા ધ્વારા સરકારશ્રીના મહિલા સશકિતકરણ કાર્યક્રમ સંદર્ભે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ તાલીમ કાર્યક્રમ સખી મંડળોની ઉપયોગીતા અને તે ધ્વારા શહેરની વધુ બહેનો આ યોજના અંતર્ગત જોડાય એ માટે વધુ પ્રયત્ન કરવા જણાવેલ, તેમજ હાજર બહેનોને સરકારશ્રીની અન્ય યોજનાના લાભ લેવા અપીલ કરેલ.

મિશન મંગલમ (અર્બન) યોજના અંગે સ્વસહાય જુથની સવિસ્તાર કલ્પના, જુથ રચના, હિસાબો રાખવા અને ગૃપ મેનેજમેન્ટ તેમજ તકરાર નિવારણ વિગેરે બાબતો સંદર્ભે હાજર તજજ્ઞ શ્રીમતી દેવયાનીબેન શેઠ, કુ.મયુરી વાડીયાએ જરૂરી પંચ સૂત્રો આપી સાદી સરળ ભાષામાં સમજ પુરી પાડેલ. ત્યારબાદ પૂર્વ ડેપ્યુટી કમિશનર શ્રી આર.જે.પટેલ યબક ધ્વારા ઓર્ગનિક ફાર્મીંગ અને ટેરેસ ગાર્ડનીંગ થકી સખી મંડળોની બહેનો સ્વરોજગારી મેળવી શકે તે માટેને પ્રોત્સાહીત કરી માર્ગદર્શન પુરુ પાડેલ તથા પ્રેરણાદાયક પ્રેઝેન્ટેશન રજુ કર્યુ હતું. ત્યારબાદ સરકારશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ 'સપનાની સફર' ફિલ્મ બહેનો સમક્ષ રજુ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુસીડી વિભાગના ઈન્વેસ્ટીગેટર શ્રીમતી કવિતાબેન દેસાઈ તેમજ મિશન મંગલમ (અર્બન) યોજનાના મહિલા કન્સલટન્ટ શ્રીમતી અભિલાષાબને પટેલએ કર્યુ હતું. આ પ્રસંગે યુ.સી.ડી. વિભાગના પ્રોજેકટ ઓફિસર શ્રી આર.સી.પટેલ, ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રી પી.એમ.નાયક, હાજર રહયા હતા તેમજ કાર્યક્રમને સફળ બનાવવામાં યુસીડી વિભાગના તમામ કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો તથા મિશન મંગલમ (અર્બન) યોજનાના મહિલા સમાજ સંગઠકોએ જહેમત ઉઠાવી હતી.

**TOP**

## ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મા.મુખ્યમંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ મારફતે ગુજરાત સરકારશ્રીની નિર્મળ ગુજરાત મફત શૌચાલય યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસવાટ કરતા તમામ રહેવાસીઓ પૈકી શૌચાલય વિહોણા તમામ કુટુંબોને હાલમાં શૌચાલયની સુવિધા વિનામુલ્યે પુરી પાડવાનું આયોજન હાથ ધરેલ છે. શહેરમાં એકપણ કુટુંબ શૌચાલય વિનાનું ન રહે એ દિશાની સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની પ્રતિબધ્ધતાને પુરતો સાથ સહકાર આપવા નાગરિકોને, સ્થાનિક સ્વયંસેવી સંસ્થાઓને વગેરેને આગળ આવવા તેમજ વ્યકિતગત સંપર્ક કરવા વોર્ડ વિસ્તારમાં આવા શૌચાલય વિહોણા કુટુંબોને શોધી તેની યાદી બનાવી આપશ્રીના ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને આપી તેવા કુટુંબોને શૌચાલયની સુવિધા અપાવવા જરૂરી મોટીવેશન પ્રોગ્રમો યોજી શહેરીજનોનો સંપર્ક કરવા અને આ યોજનાનો લાભ અપાવી નિર્ધારીત યોજના પુરી કરી નિર્મળ ગુજરાતનો ધ્યેય અને લક્ષ પુરો કરીએ. ''સુરતનો વિકાસ એટલે ગુજરાત રાજયનો વિકાસ અને ગુજરાતનો વિકાસ એટલે ભારત દેશનો વિકાસ.''

TOP

## નોર્થઝોન (કતારગામ) માં આવેલ ટી.પી.સ્કીમ નંફર૪ (ટુંકી) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી

(૧) પ્રિ.ટી.પી.સ્કીમ નં.ર૪ (ટુંકી) માં ફા.પ્લોટ નં.૪૦ માં આવેલ પટેલ ઈન્ડ.સોસાયટી વિભાગ–ર ના સબ પ્લોટ નં.૧૧ થી ૧૪ માં આશરે ૬૪' × ૯૫' માપ વિસ્તારમાં ગ્રા.ફલોર + એક માળનું આર.સી.સી.બીમ,કોલમ, સ્લેબ તથા ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. સદર મિલ્કતમાં પહેલા માળે આશરે ૫,૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબનું બાંધકામ દુર કવામાં આવેલ છે તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૬૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP